RBL BANK
apno ka bank


# ક્રેડિટ કાર્ડ અરજી ફોર્મ

ફુદડી(*) સાથેના ક્ષેત્રો ફરજીયાત છે

અરજી નંબર

લગાવો પાસપોર્ટ સાઈઝનો ફોટો અહીં

## તમારું ઈચ્છિત ક્રેડિટ કાર્ડ પસંદ કરો



**આઈકન**
વાર્ષિક ફી રૂા. 5000




**વર્લ્ડ સફારી**
વાર્ષિક ફી રૂા. 3000



**પ્લેટિનમ મેક્સિમા**
વાર્ષિક ફી રૂા. 2000



**પ્લેટિનમ ડિલાઈટ**
વાર્ષિક ફી રૂા. 1000




**બેંક બાઝાર સેવમેક્સ**
વાર્ષિક ફી શૂન્ય




**પ્લેટિનમ મેક્સિમા પ્લસ**
વાર્ષિક ફી રૂા. 2500



**શૉપરાઈટ**
વાર્ષિક ફી રૂા. 500



**કૂકીઝ**
માસિક ફી રૂા. 100



**મંથલી ટ્રીટ્સ**
માસિક ફી રૂા. 75



**યૂનિક**

## ગ્રાહક માહિતી ( કૃપા કરીને કેપિટલ અક્ષરોમાં ફોર્મ ભરો )

જો તમે વર્તમાન આરબીએલ ક્રેડિટ કાર્ડ મેમ્બર છો તો આ અરજીમાં ભરેલી વિગતો, તમામ કાર્ડ ખાતાઓમાં અપડેટ કરવામાં આવશે.

### વ્યક્તિગત માહિતી

1. નામ* — નામ / મધ્ય નામ / અટક
આધાર પર હોય તે જ નામ દાખલ કરો

2. મોબાઈલ નંબર*
10 આંકડાનો મોબાઈલ નંબર દાખલ કરો.

3. પાન નંબર*
તમારા પાન કાર્ડની આગળની બાજુ તે નાખેલું હશે.
ઉદાહરણ: AELPU5278H

4. ઇમેલ*

## સહી કરતાં પહેલાં ધ્યાનથી વાંચો

1. આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ અરજી ફોર્મ, સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો અને નિયમો અને શરતો મેં વાંચ્યા અને સમજ્યા છે. હું સમજું છું કે સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો ફક્ત ડિજીટલ સ્વરૂપે જ મને મોકલવામાં આવશે અને વેલકમ કીટના ભાગરૂપે મને કોઈ ફિઝીકલ નકલ મોકલવામાં આવશે નહીં.
2. મારા દ્વારા આપવામાં આવેલી જાણકારી સાચી અને ચોક્કસ છે. મારા દ્વારા કોઈ ભૌતિક જાણકારી દબાવવામાં કે રોકી રાખવામાં આવી નથી.
3. હું મંજૂર કરું છું અને સમજું છું કે જો પહેલાના સ્ટેટમેન્ટ અનુસાર ચૂકવણીની ડ્યૂ તારીખ સુધીમાં મારા દ્વારા રકમની ચૂકવણી ન કરવામાં આવે તો, માસિક 3.99% સુધી અથવા વાર્ષિક 47.88%(ફાયનાન્સ ચાર્જ)નું વ્યાજ આવા ન ચૂકવેલ રકમ પર લગાવવામાં આવશે. હું એ પણ સમજું છું કે પૂરી રકમ ડ્યૂ અને ચૂકવવાપાત્ર હોય તે કિસ્સામાં, આવી વિલંબિત ચૂકવણી પર ફાયનાન્સ ચાર્જ અનુસાર લાગૂપાત્ર દરે, આરબીએલ બેંક દ્વારા આવી લેવડદેવડની તારીખથી કાર્ડના મારા વપરાશ પર લગાવવામાં આવશે.
4. હું સમજું છું કે મારા કાર્ડ પરની ક્રેડિટ મર્યાદા આરબીએલ બેંક દ્વારા તેની મુનસફી અનુસાર વિવિધ માપદંડોને આધારે નક્કી કરવામાં આવી છે અને મને કોઈ ક્રેડિટ મર્યાદાનું વચન આપવામાં આવ્યું નથી.
5. મારી ટેલિફોનિક સંમતિના એકમાત્ર વિકલ્પ અને આરબીએલ બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર મારૂં કાર્ડ અપગ્રેડ કરવા માટે (જો માન્ય હોય તો) આરબીએલ બેંક દ્વારા મને કોલ કરવા માટે આ સાથે મારી સંમતિ આપવામાં આવે છે.
6. ક્રેડિટ કાર્ડની ફાળવણી માટે નિયમો અને શરતોમાં જણાવ્યા અનુસાર ઈ-કેવાયસી/ઑફલાઈન ખરાઈ માટે આ સાથે મારી સંમતિ આપવામાં આવે છે. જો આધારમાં અપડેટ કરવામાં આવેલ સરનામાથી કથિત સરનામું અલગ હોય તો, ઈ-કેવાયસી/ઑફલાઈન ખરાઈ માટે અરજી ફોર્મમાં જણાવેલ સરનામાને મારૂં વર્તમાન ગણવા માટે પણ મારા દ્વારા સંમતિ આપવામાં આવે છે.
7. મારી ક્રેડિટ કાર્ડ અરજી સામે કેવાયસી સંપૂર્ણ કરવા માટે સીકેવાયસી રજીસ્ટ્રી(સીઈઆરએસએઆઈ)માંથી મારા વિશેની સી-કેવાયસી વિગતો ડાઉનલોડ કરવા માટે આરબીએલ બેંક લિને મારા દ્વારા અધિકૃતતા આપવામાં આવે છે. હું/અમે અહીં ઉપર જણાવેલા નોંધણી પામેલા નંબર/ઈ-મેઇલ એડ્રેસ પર એસએમએસ/ઈ-મેઇલ મારફતે સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રી તરફથી માહિતી પ્રાપ્ત કરવાની સંમતિ આપું છું/આપીએ છીએ.
8. કેવાયસી કોમ્પ્લાયન્સ હેતુ માટે પાન/પાન કાર્ડ સાઈટ અથવા આધાર(ઈકેવાયસી/બાયોમેટ્રીક કેવાયસી) અનુસાર ખાતામાંથી નામ અને જાણકારી લેવાની આરબીએલ બેંકને અધિકૃતતા આપું છું.
9. મારા દ્વારા ઘોષિત કરવામાં આવે છે કે હું રાજકારણમાં જાહેર થયેલ વ્યક્તિ નથી કે રાજકારણમાં જાહેર થયેલ વ્યક્તિ સાથે સંબંધિત નથી (સમયે સમયે રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા નિર્ધારીત અને સુધાર્યા અનુસાર).
10. આ સાથે મારા દ્વારા મંજૂર કરવામાં આવે છે કે હું એફઈએમએ નિયમોનું પાલન કરીશ અને ક્રેડિટ કાર્ડ ખાતામાં તમામ ચૂકવણી(ઓ) નિયમો અનુસાર કરીશ.
11. હું સમજું છું કે મારા કાર્ડ પર નેટવર્કની ફાળવણી આરબીએલ બેંકની મુનસફી અનુસાર થશે.
12. હું સમજું છું કે મારા પ્રાધાન્ય અનુસાર મારી બિલીંગ સાયકલને બદલવા માટે બેંક દ્વારા એક વન-ટાઈમ વિકલ્પની મંજૂરી આપવામાં આવે છે. બિલીંગ સાયકલ બદલવા માટેની વન-ટાઈમ વિનંતી કસ્ટમર સર્વિસને 022-62327777 પર અથવા 1800 121 9050 પર કોલ કરીને જમા કરાવી શકાય છે.
13. ઈન્શ્યોરન્સ અને અન્ય ત્રીજા પક્ષના ઉત્પાદનો સંબંધમાં આરબીએલ બેંક તરફથી કોમ્યુનિકેશન પ્રાપ્ત કરવાની હું મંજૂરી આપું છું. હું એ પણ સમજું છું કે જો હું અનસબસ્ક્રાઈબ કરવા ઈચ્છુ તો, આરબીએલ બેંક માયકાર્ડ એપમાં લોગ ઈન કરીને અથવા કસ્ટમર કેરને કોલ કરીને હું નાપસંદગી કરી શકું છું.

ક્યૂઆર કોડ સ્કેન કરો
સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો વાંચવા માટે

ક્યૂઆર કોડ સ્કેન કરો
કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અને ઉત્પાદન નિયમો અને શરતો વાંચવા માટે

સ્થળ

તારીખ

ગ્રાહક સહી

RBL BANK
apno ka bank

# Credit Card Application Form

FIELDS MARKED WITH ASTERISK (*) IS MANDATORY

## નિયમો અને શરતો

1. મારા દ્વારા ઘોષિત કરવામાં આવે છે કે અરજી ફોર્મમાં આપવામાં આવેલ તમામ વિગતો અને જાણકારી સાચી, ચોક્કસ અને સંપૂર્ણ છે અને આરબીએલ બેંક લિમિટેડ સામે કોઈ જાણકારી રોકવામાં/દબાવવામાં આવી નથી (આરબીએલ બેંક). મારા દ્વારા આવશ્યક નાણાંકીય સહાયના સંબંધમાં જરૂર લાગે તેમ અતિરિક્ત લખાણ મારા દ્વારા આપવામાં આવશે. કોઈપણ બેંક/વ્યક્તિઓ પાસેથી મારા વિશેના સંદર્ભ તપાસવાની અધિકૃતતા હું આરબીએલ બેંકને આપું છું.

2. હું/અમે મારા/અમારા ઘર કે વ્યવસાયના સરનામામાં કોઈ ફેરફાર અથવા મારી ક્રેડિટ યોગ્યતાને અસર કરે તેવા કોઈપણ બદલાવ વિશે આરબીએલ બેંકને લેખિતમાં જાણ કરીશ/કરીશું.

3. હું/અમે સમજું છું/સમજીએ છીએ કે આ અરજી સાથે જમા કરેલ ફોટોગ્રાફ અને દસ્તાવેજ પોતાની પાસે રાખવાનો અધિકાર ધરાવે છે અને તે મને/અમને પરત કરવામાં આવશે નહીં. હું/અમે સમજું છું/સમજીએ છીએ કે આ લોનની મંજૂરી આરબીએલ બેંકની મુનસફીને અને મારા/અમારા દ્વારા આરબીએલ બેંક દ્વારા જરૂરી આવશ્યક દસ્તાવેજો અને અન્ય ઔપચારિકતા પૂરી કરવાને આધીન છે.

4. હું મંજૂર કરું છું કે મારી સામે કોઈ નાદારી કાર્યવાહી બાકી નથી કે મને ક્યારેય નાદાર જાહેર કરવામાં આવ્યા નથી. હું અન્ય બેંકના ડિરેક્ટરનો સ્વજન નથી, કે એવી પેઢી નથી જેમાં અન્ય બેંકના ડિરેક્ટર અથવા ડિરેક્ટરના સ્વજન રસ ધરાવતા ભાગીદાર/ગેરેંટર હોય, બેંકનો ડિરેક્ટર/વરિષ્ઠ અધિકારી/ડિરેક્ટરના સ્વજન અથવા સીનિયર અધિકારી નથી *. (*તેમાં શેડ્યૂલ્ડ કો-ઑપરેટીવ બેંકના ડિરેક્ટર્સ અને તેમના સંબંધીઓ, સબસિડીઅરીના ડિરેક્ટરો/ધિરાણ કરતી બેંક અથવા અન્ય બેંક દ્વારા સ્થાપિત મ્યૂચ્યુઅલ ફંડ/વેન્ચર કેપિટલ ફંડના ટ્રસ્ટીઓનો સમાવેશ થાય છે. જો ઉપરોક્ત ઘોષણા ખોટી હોવાનું જણાય તો બેંક સુવિધા પાછી ખેંચવાની અને/અથવા રીકોલ કરવાનો અધિકાર ધરાવે છે.

5. મારા આરબીએલ બેંકને અધિકૃત કરવામાં આવે છે અને સંમતિ આપવામાં આવે છે કે મને નોટિસ આપ્યા વગર, આરબીએલ બેંક તરફથી લેવામાં આવેલી સુવિધાના સંબંધમાં અરજી ફોર્મ(ફોર્મ્સ)/સંબંધિત દસ્તાવેજોમાં મારા દ્વારા આપેલી જાણકારી આરબીએલ બેંકની અન્ય શાખાઓ/સબસિડીઅરી/સંલગ્ન સંસ્થાઓ, ક્રેડિટ બ્યૂરો/રેટિંગ એજન્સીઓ, સર્વિસ પ્રોવાઈડર્સ, બેંક નાણાંકીય સંસ્થાનો, સરકારી/નિયમનકારી સત્તાઓ અથવા ત્રીજા પક્ષ સમક્ષ કેવાયસી જાણકારી ખરાઈ, ક્રેડિટ રિસ્ક એનાલિસીસ અથવા આરબીએલ બેંકને યોગ્ય લાગે તે અન્ય હેતુઓ માટે પ્રકટ કરી શકે છે.

6. મારા દ્વારા સમજવામાં અને સ્વીકૃત કરવામાં આવે છે કે આરબીએલ બેંક, કોઈપણ કારણ આપ્યા વગર (કાયદા દ્વારા જરૂરી હોય તે સિવાય), મારી/અમારી અરજી નામંજૂર કરવાની સંપૂર્ણ મુનસફી છે અને આવી નામંજૂરી અથવા આવી નામંજૂરી વિશે મને/અમને જાણ કરવામાં થયેલ વિલંબ, કોઈ ખર્ચ, નુકસાન, ક્ષતિ અથવા કિંમત અથવા આવી નામંજૂરીને કારણે થયેલ અન્ય પરિણામ, અથવા મારી અરજીના આવી નામંજૂરી વિશે મને જણાવવામાં થયેલ કોઈ વિલંબ માટે કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહીં.

7. મારા દ્વારા મંજૂર કરવામાં આવે છે અને સમજવામાં આવે છે કે ક્રેડિટ મર્યાદાઓ સમયાંતરે મૂલ્યાંકનને આધીન છે અને મારા કાર્ડ ખાતાના બેંક દ્વારા ક્રેડિટ એસેસમેન્ટને આધીન છે અને મને કોઈ પૂર્વ સૂચના આપ્યા વગર, તેમના ક્રેડિટ એસેસમેન્ટને આધારે, મારા ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદા સુધારવાની હું આરબીએલ બેંકને સ્પષ્ટ અધિકૃતતા આપું છું.

8. હું મંજૂર કરું છું કેઃ

    i. આરબીએલ બેંકને જરૂર હોય ત્યારે અને તે અનુસાર કોઈપણ અતિરિક્ત દસ્તાવેજ મારા દ્વારા આપવામાં આવશે.

    ii. કંઈ બીજું જાણવા મળે તે સિવાય, હું/અમે કોઈ વર્તમાન ગ્રાહક આઈડી અથવા ઉપર જણાવ્યા સિવાયનું કોઈ બીજુ ગ્રાહક આઈડી ધરાવતા નથી. મને/અમને આગોતરી નોટિસ પાઠવ્યા વગર, આરબીએલ બેંક તમામ ગ્રાહક આઈડીઓને એક ગ્રાહક આઈડીમાં સંઘટિત કરવાનો અધિકાર ધરાવે છે.

    iii. મારા/અમારા દ્વારા સમજવામાં આવ્યું છે કે ક્રેડિટનો નિર્ણય ક્રેડિટના મોડેલ પર આધારીત છે જેમાં ક્રેડિટ ઇતિહાસ, પુનઃચૂકવણી ટ્રેક રેકોર્ડ, બેંકિંગની આદતો, વ્યવસાયિક સ્થિરતા અને રોકડ પ્રવાહ મૂલ્યાંકન વગેરે પરિબળોનો સમાવેશ થાય છે જેને વ્યક્તિગત ચર્ચા અને દસ્તાવેજીકરણના સંયોજનને આધારે ચકાસવામાં આવે છે.

    iv. ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદાના સંબંધમાં બેંક અથવા તેના કોઈ પ્રતિનિધિ દ્વારા મને/અમને કોઈ વચન આપવામાં આવ્યું નથી. આ ઉપરાંત, અમારા દ્વારા આ લોન અરજીની સાથે કે તેના સંબંધમાં આરબીએલ બેંકના કોઈ પ્રતિનિધિ (અથવા) કોઈ ત્રીજા પક્ષને રોકડમાં, બેરર ચેક અથવા અન્ય કોઈ રીતે કોઈ ચૂકવણી કરવામાં આવી નથી.

9. હું આ સાથે સંપૂર્ણપણે મારી મુનસફી અનુસાર ઓળખ/સરનામાના પુરાવા સ્થાપિત કરવાના હેતુસર, આરબીએલ બેંકને કેવાયસીના હેતુથી બાયોમેટ્રીક આધારીત ઈ-કેવાયસી અધિકૃતતા અથવા યુઆઈડીએઆઈ(આધાર) દ્વારા નિર્ધારીત ઓફલાઈન ચકાસણી પદ્ધતિઓ સ્વૈચ્છિક રીતે જમા કરું છું.

10. આધાર મેળવવાની સંમતિ અને કારણ મને પ્રાદેશિક ભાષામાં સમજાવવામાં આવ્યા છે. હું આ સાથે ઘોષિત કરું છું કે સ્વૈચ્છિક રીતે મારા દ્વારા આપવામાં આવેલ તમામ જાણકારી સાચી, ચોક્કસ અને સંપૂર્ણ છે. મારા દ્વારા આપવામાં આવેલ કોઈપણ ખોટી જાણકારીના કિસ્સામાં હું આરબીએલ બેંક કે તેના કોઈ અધિકારીને જવાબદાર ઠેરવીશ નહીં.

11. યુઆઈડીએઆઈમાંથી મારી વિગતોની ખરાઈ માટે આ સાથે હું આરબીએલ બેંકને મારો આધાર નંબર વાપરવાની અને/અથવા બાયોમેટ્રીક/ડેમોગ્રાફિક જાણકારીનો ઉપયોગ કરવાની અધિકૃતતા આપું છું. હું સમજું છું કે આરબીએલ બેંક યુઆઈડીએઆઈમાંથી ડેટા માટે મારો સંપર્ક કરશે અને મારા દ્વારા પસંદ કરાયેલ ઉત્પાદન/સેવાઓ પૂરી પાડવા માટે તેનો આરબીએલ બેંક દ્વારા સંગ્રહ કરવામાં આવશે.

12. હું સમજું છું કે ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવાની સમગ્ર પ્રક્રિયાની ડિજીટલ ટ્રેઈલ મારા દ્વારા વન ટાઈમ પાસવર્ડ(ઓટીપી) પદ્ધતિ દ્વારા સંપૂર્ણપણે મંજૂર અને અધિકૃત કરવામાં આવી છે અને ડિજીટલ ટ્રેઈલ આરબીએલ બેંક દ્વારા જાળવવામાં આવશે, જે અરજી, ઉપયોગ અને કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અનુસાર તમામ આઉટસ્ટેન્ડિંગ રકમની પુનઃચૂકવણી કરવાની મારી જવાબદારી સંબંધમાંના એકમાત્ર અને બંધનકર્તા પુરાવો ગણાશે. હું આ સાથે વધુ સમજું છું કે બાયોમેટ્રિક કેવાયસી પ્રક્રિયા દ્વારા અથવા વીડિયો કેવાયસી દ્વારા કેવાયસી પૂરું કરવા માટે આરબીએલ બેંક મારો સંપર્ક કરશે.

    બેંક દ્વારા કોલ્સ, એસએમએસ, ઈ-મેઈલ અથવા અન્ય કોઈ માધ્યમ દ્વારા આપવામાં આવતા માર્કેટિંગ અને પ્રચારાત્મક ઑફર્સના હેતુ માટે કોઈપણ સમયે તેની ગ્રુપ કંપનીઓ/સંલગ્ન કંપનીઓ/સર્વિસ પ્રોવાઈડર્સને મારા તરફથી કોઈ વધુ મંજૂરી અથવા અધિકૃતતા વગર બેંક દ્વારા મારી અંગત જાણકારી(આ અરજી ફોર્મમાં પ્રગટ કરવામાં આવેલ જાણકારી સહિત) શેર કરવાની ☐ મંજૂરી/ ☐ નામંજૂરી આપું છું.

    બેંકની નીતિઓને આધીન ઓવર લિમીટ સુવિધા માટે મારા કાર્ડની નોંધણી કરવામાં આવશે તેવી હું ☐ મંજૂરી/ ☐ નામંજૂરી આપું છું. આ સંમતિ ગમે ત્યારે અમારી મોબાઈલ એપ્લિકેશન દ્વારા ડિસએબલ્ડ/ઈનેબલ્ડ થઈ શકે છેઃ આરબીએલ માયકાર્ડ એપ. જો તમે આ સુવિધા મેળવવાનું પસંદ કર્યું હોય તે કિસ્સામાં, લઘુતમ રૂા. 500ને આધીન ઓવર લિમીટ રકમના 2.5% ચાર્જ લાદવામાં આવશે.

કૃપા કરીને નોંધો કે તમારા ક્રેડિટ કાર્ડ અરજી પર નિર્ણય આપવા માટે 20 દિવસ સુધીનો સમય લાગી શકે છે (સંપૂર્ણ કેવાયસી અને જાણકારીની ખરાઈને આધીન)

## માત્ર ઓફિસના ઉપયોગ માટે

**પ્રોગ્રામ કોડ** ☐☐☐☐ **ફી કોડ** ☐☐☐☐ **સોર્સ કોડ** ☐☐☐☐☐☐ **એસઈ કોડ** ☐☐☐☐☐☐☐

**લીડ આઈડી** ☐☐☐☐☐☐ **એલએમએસ નંબર** ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

**સંદર્ભ નં.** ____________ **કાર્ડ નંબર** [કાર્ડ પ્રોગ્રામ માટે કાર્ડ] : ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

RBLCC_SF/APR-01-2024